# ત્રીજો ભાઈ

– મિનેષ એન. વાળંદ

ડોડિયા નામે સુંદર ગામ. ગામ નાનું પણ રળિયામણું. ગામમાં સૌથી વધુ પશુપાલન અને ખેતીનો વ્યવસાય કરનારા રહે. પોતાના વ્યવસાયમાં સૌ લોકો દિલ રેડતા. ગામની એકતાને ગામની મુખ્ય વિશેષતા કહી શકાય. ગામના નાના–મોટા પ્રસંગો સૌ ગામલોકો સાથે મળીને ઊજવે. આ વર્ષ ગામલોકોની મોટી ચિંતા ચોમાસાના ચાર મહિનામાં ખેતીલાયક વરસાદ ન પડયો તે હતી અને આના લીધે દુકાળ જેવી પરિસ્થિતિ ઊભી થઈ. ગામ આખામાં પ્રભુભાઈ મોટા ખેડુ. જમીનદાર પણ ખરા. વળી એટલા જ દયાળુ. પ્રભુભાઈ અને કરસનભાઈ એમ બે ભાઈઓ, ખૂબ મહેનતુ અને એટલા જ માયાળુ. ગામ આખાની ચિંતાનું નિવારણ પ્રભુભાઈએ કર્યું. તેમણે ગામના જરૂરિયાતમંદ લોકોને તેમની જરૂરિયાત પ્રમાણે મદદ કરી ઉદાર દિલનો દાખલો બેસાડયો. પ્રભુભાઈના પડોશી કવાભાઈ. કવાભાઈની પાસે પણ સારી એવી જમીન હતી. વળી એમને તો ગાયો અને ભેંસોનો તબેલો પણ ખરો. કવાભાઈ અને હરજીભાઈ એમ બે ભાઈઓ. પ્રભુભાઈની ગામ આખાની મદદ કરવાની ઉમદા ભાવના જોઈ કવાભાઈ તો મોંમા આંગળા નાખી ગયા અને



એમના મનમાં એક પ્રશ્ન ઘર કરી ગયો કે પ્રભુભાઈ અને કરસનભાઈ એ પણ બે ભાઈઓ, અમે પણ બે ભાઈઓ છીએ. વળી, મહેનત પણ સરખી કરીએ છીએ. તેમ છતાં પ્રભુભાઈ પાસે આટલું ધાન્ય, આટલાં નાણાં તેમજ આટલી બધી ચીજવસ્તુઓની બચત કેવી રીતે થઈ ? કવાભાઈના મનમાં ઊભા થયેલા આ પ્રશ્નએ કવાભાઈની ઊંઘ હરામ કરી નાખી અને પ્રભુભાઈને આ તફાવત વિશે ક્યારે પૂછી લઉં તેવી અધીરાઈ થવા લાગી.

સવાર પડતાં જ કવાભાઈ તો ઊપડયાં પ્રભુભાઈના ઘરે. કવાભાઈને જોઈ પ્રભુભાઈ છક થઈ ગયા. સવાર–સવારમાં કવાભાઈ મારા ઘેર ! શું થયું હશે ? કેમ આવ્યા હશે ? આવા અનેક પ્રશ્નો પ્રભુભાઈના મનમાં થવા લાગ્યા, છતાં તેમણે કવાભાઈને બેસાડયા. ચા–પાણી કરાવ્યા અને આવવાનું કારણ પૂછ્યું. કવાભાઈએ જવાબ વાળ્યો કે મારા મનમાં એક પ્રશ્ન ઊભો થયો જેણે મને આખી રાત ઊંઘવા દીધો નથી. તમે પણ બે ભાઈઓ, અમે પણ બે ભાઈઓ, તમારી અમારી જમીન પણ સરખી વળી મારે તો તબેલો પણ ખરો છતાં તમારી પાસે આટલી બચત કેવી રીતે થઈ કે તમે આખા ગામને મદદ કરી શક્યા ? પ્રભુભાઈ તેમની વાત અટકાવતા બોલ્યા, જુઓ પહેલી વાત તો એ કે અમે બે નહિ પણ ત્રણ ભાઈઓ છીએ. વળી, પાછો કવાભાઈના મનમાં પ્રશ્ન થયો કે ત્રણ ભાઈઓ, આ ત્રીજું કોણ ? પ્રભુભાઈએ કહ્યું, ત્રીજો ભાઈ તે ‘કરકસર’ અને આ કરકસરે આજે અમને આ સ્થિતિમાં ઊભા રાખ્યા છે અને એના લીધે જ ગામની સેવા કરવાની તક મળી. વળી પ્રભુભાઈએ કરકસરનો પ્રભાવ જણાવતાં કહ્યું કે કરકસર મારો ત્રીજો ભાઈ બનીને સતત મારી પડખે ઊભી રહી છે અને હું પણ તમને એ સલાહ આપું છું કે જરૂરિયાત છે એટલું નહિ, જરૂર છે તેટલું વાપરો, વસાવો અને ખરીદો. તો કરકસર પણ તમારો ત્રીજો ભાઈ થઈ તમારી પડખે જરૂર ઊભી રહેશે.

આમ, કવાભાઈએ એ જ ઘડીથી સંકલ્પ કર્યો કે હું પણ જરૂર પૂરતું જ ખરીદીશ, વાપરીશ અને વસાવીશ અને ફોગટ ખર્ચથી દૂર રહીશ અને ગામના જરૂરિયાતમંદ વ્યક્તિઓની મારાથી થઈ શકે તેટલી મદદ કરીશ અને નિજાનંદ મેળવીશ.

તો આવો, આપણે પણ પ્રભુભાઈના જીવનમાંથી કરકસરનો ગુણ લઈએ અને આપણા જીવનમાં કરકસરને આદત બનાવીએ.

■